સંદેશ

Surat

29 December, 2019

## ૧૫ દેશના ૨૦૦ શહેરોમાંથી ૧૫૦૦ યુવાઓએ ભાગ લીધો

# ધરમપુરમાં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના રજત મહોત્સવ : SRMD યૂથ ફેસ્ટિવલ

। વલસાડ ।

શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત ગુરુદેવ રાકેશભાઈ સંસ્થાપિત વિશ્વવ્યાપી આધ્યાત્મિક સંસ્થા શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા તેની સ્થાપનાના ૨૫ વર્ષ પૂર્ણ થતા રજત મહોત્સવની ઉજવણી થઈ રહી છે. જેના ભાગરૂપે સંસ્થાના આંતરરાષ્ટ્રીય મુખ્ય મથક શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર ખાતે તા. ૨૯ ડિસેમ્બરથી તા.૧લી જાન્યુઆરી-૨૦૨૦ સુધી યોજાનાર કાર્યક્રમમાં તા.૨૭ અને ૨૮ ડિસેમ્બરે સ્પોર્ટસ, સેવા અને સ્વવિકાસના એક અનોખા સંગમ જેવા એસ.આર.એમ.ડી. યૂથ ફેસ્ટિવલનું આયોજન કરાયું હતું.

યૂથ ફેસ્ટિવલમાં વિશ્વના ૧૫ દેશોના મુંબઈ, કોલકાતા, દુબઈ, સીંગાપોર, સીડની, લંડન, ન્યુયોર્ક, વાનકુંવર જેવા ૨૦૦ જેટલા શહેરોમાંથી ૧૫૦૦ યુવાનો ભાગ લેવા પહોંચ્યા હતાં. યૂથ ફેસ્ટિવલના પ્રથમ દિવસે સ્પોર્ટસ અંતર્ગત ઝોરબિંગ ફૂટબોલ, હ્યુમન ફૂટબોલ, નોકઆઉટ વગેરે અનેક રમતો થકી યુવાઓએ આનંદ માણ્યો હતો. આ ઉપરાંત મેડિટેશન, યોગા અને રંગો તથા સંગીતમઢી સર્જનાત્મક રમતો પણ રમાઈ હતી. બીજા દિવસે, સમાજ સેવા અંતર્ગત, યુવાઓને જરૂરીયાતમંદ લોકોની સેવા દ્વારા આનંદ આપવાની એક તક પ્રાપ્ત થઈ હતી.



### સાહેબજીસ ફૂટબોલ ક્લબની વર્લ્ડ કપ ફાઇનલ્સ પણ યોજાઇ

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના વિશ્વભરમાં ૯૨ યૂથ ગ્રૂપ્સ છે. આ યુવાનો તેમની વિશ્વવ્યાપી સમાજ સેવા પ્રવૃત્તિઓમાં જોડાયેલા છે. રમતના ક્ષેત્રે રસ ધરાવતા હજારો યુવક-યુવતીઓ માટે અભિનવ માધ્યમ બનેલા સાહેબજીસ ફૂટબોલ ક્લબમાં વિશ્વભરમાં ૬૫૦ સભ્યો સાથે ૫૦ ટીમો (૨૬ યુવાનની અને ૨૪ યુવતીઓની ટીમ) છે, જેની વર્લ્ડ કપ ફાઇનલ્સ પણ આ યૂથ ફેસ્ટિવલમાં યોજાઇ હતી.

### યૂથ ફેસ્ટિવલમાં કઇ કઇ પ્રવૃત્તિઓ થઇ

➻ ગ્રામીણ વિસ્તારોમાં તબીબી સારવાર કેમ્પ ➻ મહિલા ગૃહઉદ્યોગ (મહિલા કૌશલ્ય વિકાસ કેન્દ્ર)ની ગ્રામીણ બહેનો સાથે વસ્તુઓ બનાવવી ➻ શૈક્ષણિક મુલાકાતો અને સ્થાનિક શાળા શ્રીમદ્ રાજચંદ્ર ગુરુકુળ અને શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠનું સુશોભીકરણ ➻ ઓર્ગેનિક ખેતી શીખવી ➻ જીવમૈત્રીધામ (પ્રાણીઓનું આશ્રયધામ)માં પ્રાણીઓની સારસંભાળ લેવી વગેરે અનેક પ્રવૃત્તિઓ.